કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં./૨૦૨૧/ ૫૫૨૮ તા.૦૫/૦૧/૨૦૨૧

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી / આચાર્યશ્રી,
પ્રાથમિક શાળા તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

વિષયઃ ગુજરાત વર્ચ્યુઅલ શાળા પ્રસારણ બાબત.
સંદર્ભઃ રાજ્ય પરીક્ષા બોર્ડ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર ક્રમાકઃ૨૫બ/ NMMS/૨૦૨૦/૫૧૦૯-૫૨૧૫ તા.૩૧/૧૨/૨૦૨૦.

જત ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરે છે. આ વિદ્યાર્થીલક્ષી પરીક્ષાઓનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે માટે સમગ્ર શિક્ષા અભિયાન તેમજ સી.સી.સી.ના સહિયોગથી ગુજરાત વર્ચ્યુઅલ શાળાના પ્લેટફોર્મ પરથી બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે જરૂરી માર્ગદર્શન તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની મોકટેસ્ટનો અનુભવ મળી રહે તે હેતુસર રોજ નિયમિત પણે ૧૫:૦૦ કલાકથી ૧૬:૦૦ કલાક સુધી પ્રસારણ કરવામાં આવી રહ્યુ છે. આ પ્રસારણ ગુજરાત વર્ચ્યુઅલ શાળાના પ્લેટફોર્મની યુ ટ્યુબ ચેનલ તેમજ વર્કપ્લેસના માધ્યમથી રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રસારિત કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમના પ્રસારણનો લાભ વધુને વધુ બાળકો લે તે માટે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

તદઉપરાંત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના શિક્ષકો દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તે હેતુસર " Nurture Your Excellence" નામનું પુસ્તક તૈયાર કરેલ છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની મંજુરી તથા સૌજન્યથી આ પુસ્તકની PDF COPY રાજ્ય પરીક્ષા બોર્ડની વેબ સાઇડ www.sebexam.org પર ઉપલબ્ધ છે. આ પુસ્તકનો લાભ વધુને વધુ વિદ્યાર્થીઓ લઇ શકે તે માટે આપની કક્ષાએથી યોગ્ય પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

નકલ સવિનય રવાનાઃ પ્રતિ, માન. અધ્યક્ષશ્રી ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ સારૂ.

નકલ રવાનાઃ પ્રતિ, ૧. નિરીક્ષકશ્રી તમામ ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ તથા અમલ સારૂ.
૨. યુ.આર.સી.શ્રી, સી.આર.સી.શ્રી તમામ સર્વ શિક્ષા અભિયાન, સુરત તરફ જાણ તથા અમલ સારૂ.

Scanned by CamScanner